# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે “મહિલા કૃષિ દિવસ”ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તથા જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરી, ખેતીવાડી ખાતુ, આણંદના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત તા. ૦૬.૦૮.૨૦૧૮, સોમવારના રોજ કે.વી.કે., દેવાતજ ખાતે “મહિલા કૃષિ દિવસ”ની ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત ફળ અને શાકભાજીની મૂલ્યવર્ધિત બનાવટોનું પ્રદર્શન પણ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં અલગ અલગ ગામના ૧૧૧ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝ દ્વારા પરિવારની આવક વધારવામાં આગવા પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ શ્રી બી.બી. સીસોદીયા, તાલુકા વિકાસ અધિકારી, સોજીત્રા દ્વારા પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ. ત્યારબાદ શ્રી મોહસીન સૈયદ, મદદનીશ ખેતી નિયામક અને તાલુકા અમલીકરણ અધિકારીશ્રી, સોજીત્રા એ ખેતીવાડી ખાતાની સહાયલક્ષી યોજનાઓ વિષે ચર્ચા કરી. ડો. પંકજ ગાયકવાડ, વેટરનરી ઓફીસર, સોજીત્રા એ પશુપાલન ખાતાની સહાયલક્ષી યોજનાઓ વિષેની માહિતી આપી. ત્યારબાદ ડો. એમ.એમ. ત્રિવેદી, મદદનીશ કુલસચિવ તેમજ પ્રાધ્યાપક અને વડાશ્રી, પશુવિજ્ઞાન વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા પશુપાલન થકી મહિલા સશક્તિકરણ વિષય પરત્વે માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) કેવિકે, દેવાતજ એ મહિલાઓ બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન તેમજ ધરૂ ઉછેર થકી આર્થિક ઉપાર્જન મેળવી શકે તે બાબતે જણાવ્યુ.

અંતે શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફિશરીઝ) દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી. ભોજન વિરામ બાદ સર્વે બહેનોને ઔષધિય પાક કૌતુકાલય તેમજ નર્સરીની મુલાકાત કરાવેલ. જેમાં કીચન ગાર્ડન બનાવી ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) તથા શ્રી સર્ફરાજ વ્હોરા, વિસ્તરણ અધિકારી, સોજીત્રા દ્વારા કરવામાં આવેલ.

## “મહિલા કૃષિ દિવસ” ની ઝાંખીઓ



પુષ્પગુચ્છથી સ્વાગત



અતિથી વિશેષ શ્રી નું ઉદબોધન



તાલુકા વિકાસ અધિકારીશ્રીનું ઉદબોધન



વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીનું ઉદબોધન



તાલુકા અમલીકરણ અધિકારીશ્રી  દ્વારા માર્ગદર્શન



વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા માર્ગદર્શન



વૈજ્ઞાનિક (ફિશરીઝ) દ્વારા આભારવિધિ




પ્રદર્શનની મુલાકાત



નર્સરીની મુલાકાત



ઔષધિય પાક કૌતુકાલયની મુલાકાત